**વડીલોને વંદન**
**અભિનંદન**



રાજેન્દ્રકુમાર ટી. મહેતા
(૧૯૩૯) ફોન: ૨૩૨૨૭૪૪૧



ઘનશ્યામભાઈ એ. શુક્લ
(૧૯૪૦) મો. ૯૪૨૬૦૨૪૬૬૯

# દિવાળી વેકેશનની રજાઓમાં ગાંધીનગરાઓએ પૂના-મહાબળેશ્વરને પ્રથમ પસંદગી આપી

## આ વર્ષે ગાંધીનગરાઓમાં સૌરાષ્ટ્ર-રાજસ્થાન તરફ જવાનો ક્રેઝ ઓછો : વેકેશન પૂર્ણતાના આરે આવતા પ્રવાસે ગયેલા વસાહતીઓ પરત આવવા માંડ્યા

ગાંધીનગર, તા. ૧૮

દિવાળીનું વેકેશન હવે ટુંક સમયમાં પૂર્ણ થશે. હરવા ફરવા માટે આઠ-દસ દિવસની લાંબી ટ્રીપ પર જતા વસાહતીઓ પરત આવી રહ્યા છે. આ વખતે ગાંધીનગરના પરિવારોમાં પુના-મહાબળેશ્વર તરફ ફરવા જવાનો ખુબ જ ક્રેઝ હતો. આઠ-દસ દિવસની લાંબી ટ્રીપ પર ગયેલા મોટાભાગના પરિવારોએ આ રૂટ પસંદ કર્યો હતો.

દિવાળી વેકેશનનો ગાળો હરવા ફરવા માટે શ્રેષ્ઠ ગણાય છે. બે-ત્રણ દિવસની ટુંકી ટ્રીપથી લઈને આઠ-દસ દિવસની લાંબી ટ્રીપ પર જવા વાળા પરિવારો આ જ સમયગાળો પસંદ કરે છે. બહુ ઠંડી કે બહુ ગરમી ન હોવાથી આવુ વાતાવરણ હરવા ફરવા માટે એકદમ યોગ્ય ગણાય છે. દર વર્ષે હરવા ફરવાના શોખીન ગાંધીનગરના પરિવારો સૌરાષ્ટ્ર અને રાજસ્થાન તરફ ફરવા જાય છે. છેલ્લા ચાર-પાંચ વર્ષથી આ જ ટ્રેન્ડ જોવા મળ્યો હતો. પરંતુ આ વર્ષે તે ટ્રેન્ડ બદલાયો હતો. આઠ-દસ દિવસની લાંબી ટ્રીપ પર જવાવાળા પરિવારોએ આ વખતે પૂના-મહાબળેશ્વર તરફ ફરવા જવા પર પસંદગી ઉતારી હતી. પૂના, મહાબળેશ્વરના રૂટ પર નજીક જ આવેલી હરવા ફરવાની જગ્યાઓ-સ્થળો લોનાવાલા, લવાસા, ઈમેજીકા પાર્ક અને કેટલાક નેશનલ પાર્ક તથા મુંબઈમાં હરવા ફરવાનો લ્હાવો માણ્યો હતો. કેટલાક પરિવારો ટુરમાં તો કેટલાક પરિવારો ખાનગી વાહનો કરી અહીં ફરવા ગયા હતા. આ વર્ષે વરસાદ ખુબ સારો થયો હોવાથી મહારાષ્ટ્રના આ વિસ્તારોમાં ખુબ જ હરિયાળી છે. વળી અહીં રાજસ્થાન કરતાં વધુ આગતાસ્વાગતા થાય છે અને ભોજનની ક્વોલીટી પણ સારી હોય છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા બે-ત્રણ વર્ષોમાં હરવા ફરવાના સારા ડેસ્ટીનેશન ઉપલબ્ધ બન્યા હોવાથી અહીં પ્રવાસીઓની સંખ્યા વધી છે. દિવાળી અને બેસતા વર્ષ બાદ અહીં હરવા ફરવા ગયેલા ગાંધીનગરના પરિવારો હવે પરત આવી રહ્યા છે.

# ઠંડીમાં વધારો થતા ગરમ વસ્ત્રો-ઉન બજારમાં તેજી

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ સહિત ગુજરાતમાં હવે ઠંડીનું મોજુ જોવા મળી રહ્યુ છે. તાપમાનમાં એકંદરે ઘટાડો થઈ રહયો છે. આજે રાજ્યમાં નલિયામાં સૌથી વધુ ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. અહીં ગઈકાલની સરખામણીમાં તાપમાનમાં વધુ ઘટાડો થયો હતો. નલિયામાં ગઈકાલે નોંધાયેલા ૧૧.૮ ડિગ્રીની સામે આજે તાપમાન વધુ ઘટીને ૧૧ થયુ હતુ. આ ઉપરાંત ડિસામાં પણ પારો એકાએક ઘટી ગયો છે. ડિસામાં આજે ૧૨.૨ ડિગ્રી તાપમાન થયુ હતુ. જોકે ગાંધીનગરમાં પારો વધ્યો હતો. અમદાવાદમાં પણ પારો વધ્યો હતો. મિશ્ર સ્થિતિનો અનુભવ કેટલાક વિસ્તારમાં થઈ રહ્યો છે.

હવામાન વિભાગે કહ્યુ છે કે સામાન્યરીતે સૂખા પવનો ફૂંકાઈ રહયા છે. અમદાવાદમાં આવતીકાલે લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. ગુલાબી ઠંડીની શરૂઆત થતા સાવધાની વધારવાની પણ જરૂર વધી ગઈ છે. બીજી બાજુ વહેલી સવારે લોકો હવે કસરત કરતા નજરે પડી રહ્યા છે. ઠંડીના દિવસોમાં કેટલીક સાવચેતી જરૂરી બને છે. ઠંડીની શરૂઆત થતા હવે ગરમ વસ્ત્રો અને ઉન બજારમાં તેજી આવી ગઈ છે. ગરમ વસ્ત્રોના બજારમાં લોકોનો ધસારો જોવા મળી ગયો છે. સવારે અને સાંજે લોકો ગરમ વસ્ત્રો પહેરતા થયા છે. મોડી રાત્રે ઠંડા પવનોની અસર પણ જોવા મળી રહી છે. આગામી દિવસોમાં ઠંડીમાં વધુ વધારો થવાની શક્યતા હોવાથી લોકો ગરમ વસ્ત્રોની ખરીદીમાં વ્યસ્ત બન્યા છે.

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)



**ધાનેરાના બ્રાહ્મણ સમાજના સ્નેહમિલનમાં બ્રહ્મવિચારનું વિમોચન કરાયું**

બનાસકાંઠાના ધાનેરા ખાતે ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ સમાજના લોકોની સામાજીક એકતા અર્થે 'બ્રહ્મવિચાર સમાચાર' માસિક મુખપત્રનું મલાણા ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. આ સ્નેહમિલનમાં સમાજના અગ્રણીઓ, કાર્યકરો અને સભ્યો મોટી સંખ્યામાં પરિવાર સહિત હાજર રહ્યા હતા. આ સ્નેહમિલન કાર્યક્રમમાં મહામંડલેશ્વર પ.પૂ. ૧૦૦૮ શ્રી મોહનદાસજી મહારાજે ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવ્યા હતા. બ્રહ્મવિચારના તંત્રી રાજેશ જોષી અને સહતંત્રી સતીષ જોષઈએ સમાજના લોકોને એક રહેવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા ધાનેરા મંડળના પ્રમુખ મફતલાલ જોષી, પાલનપુર મંડળના પ્રમુખ ચંપકલાલ જોષઈ તેમજ મંત્રી રાજુભાઈ મહેતા અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# જાહેરમાં બિભત્સ વર્તન કરતી ચાર સ્ત્રીઓને મહિલા પોલીસે ઝડપી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહિલા પોલિસ સ્ટેશનના મહિલા અધિકારીઓ આજે પોતાની ટીમ સાથે પેટ્રોલિંગ પર હતા ત્યારે સે-૧૬ અને ચ-૦ સર્કલ નજીક જાહેરમાં બિભત્સ વર્તન કરતી ચાર મહિલાઓની અટકાયત કરી તેમની સામે કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર આજે સવારે ગાંધીનગર મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.એસ. પટેલ તથા પો.સ.ઈ. એમ.આર. પુવાર તેમની ટીમ સાથે શહેરના વિસતારોમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા.

આ દરમિયાન તેમણે અનેક સ્થળોએ તપાસ હાથ ધરી હતી. દરમિયાન સેકટર-૧૬ અને ચ-૦ સર્કલ નજીકના વિસ્તારોમાં જાહેરમાં બિભત્સપણે વર્તન કરતી ચાર સ્ત્રીઓ નજરે પડતા તેમની પુછપરછ કરી હતી અને તમામને વધુ પુછપરછ માટે સે-૧૬ મહિલા પોલીસ મથક લાવવામાં આવી હતી અને તેમની સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આનંદીમાના વડલા ખાતે શ્રદ્ધાંજલિ નિમિત્તે ભજન સતસંગનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના માણસાના વિઘ્નેશ્વરી પરીવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરીત આનંદીમાના વડલો વૃદ્ધાશ્રમ' ઘણા સમયથી રહેતા પ.પૂ.શ્રી છબીલદાસ મણીલાલ પરીખનું તા. ૧૮ નવેમ્બરના રોજ ટુંકી માંદગી બાદ ૮૫ વર્ષની વયે અવસાન પામ્યા. આથી તેમની સાથે રહેતા ધર્મપત્ની અને ટ્રસ્ટના સભ્યો દ્વારા ગીતાના પાઠ અને આરતી સાથે પૂ. પરીખદાદાને અંતિમ વિદાય આપી હતી.

પરીખદાદા માટે પ્રાર્થના સભા તેમજ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ તા. ૨૪ નવેમ્બરના રોજ બપોરે ૩.૦૦ થી ૬.૦૦ દરમિયાન સુપ્રસિદ્ધ ભજનીક મુકેશભાઈ ભટ્ટ દ્વારા ભજન પ્રાર્થના સભા માણસા મકાખાડ ખાતે રાખેલ છે. સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપવા આનંદીમાના વડલા ખાતે કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમ દિનેશભાઈ વ્યાસે જણાવેલ છે.

# આસારામની અરજી હાઈકોર્ટે ફગાવી : FIR રદ્દ કરાશે નહીં

અમદાવાદ, તા.૧૮


આસારામ અને નારાયણસાંઈને આજે મોટો ફટકો પડ્યો હતો કારણ કે ગુજરાત હાઈકોર્ટે આ બંનેની એવી અરજીને ફગાવી દીધી હતી જેમાં બંનેએ સુરત પોલીસની એફઆઈઆરને રદ કરવાની માંગણી કરી હતી. સુરત પોલીસે બે બહેનોની ફરિયાદના આધાર પર નારાયણસાંઈ અને આસારામની સામે બળાત્કારનો કેસ દાખલ કર્યો હતો. બળાત્કારના ગંભીર આક્ષેપોનો સામનો કરી રહેલા આસારામ અને તેમના પુત્ર તરફથી કોર્ટમાં ઉપસ્થિત રહેલા વકીલે હાઈકોર્ટમાં એવી દલીલ કરી હતી કે આ મામલો આઠ વર્ષ જુનો છે. આસારામ અને નારાયણસાંઈને ફસાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આની બિલકુલ વિરુદ્ધમાં સરકારી વકીલે કહ્યુ હતુ કે દરરોજ નવી નવી વિગતો સપાટી પર આવી રહી છે. બંનેની સામે કેસ આગળ વધે તે જરૂરી છે. સરકારી વકીલે કહ્યુ હતુ કે અનેક લોકોએ કલમ ૧૬૪ હેઠળ નિવેદન કર્યા છે. જે યુવતિના આરોપોને ટેકો આપે છે. આવી સ્થિતિમાં એફઆઈઆરને રદ કરવાની બાબત યોગ્ય નથી. મામલામાં સંપૂર્ણ તપાસ થવી જોઈએ. સરકારી વકીલ તરફથી આવી ધારદાર રજુઆત કરવામાં આવ્યા બાદ હાઈકોર્ટે આસારામ અને નારાયણ સાંઈની અરજીને ફગાવી દીધી હતી અને એફઆઈઆરને યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. બંને પક્ષોની દલીલો પર હાઈકોર્ટે સુનાવણી ચલાવી હતી. ગુજરાત હાઈકોર્ટે વિવાદાસ્પદ આસારામની અરજીને ફગાવી દેતા તેમના સમર્થકોને ફટકો પડ્યો હતો. નારાયણ સાંઈ હાલ ફરાર થયેલા છે જ્યારે આસારામ જોધપુરની જેલમાં છે. જસ્ટિસ એજે દેસાઈએ બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આ ચુકાદો આપ્યો હતો. આસારામ અને સાંઈએ તેમની સામે સૂરતની બે બહેનો દ્વારા દાખલ કરવામાં આવેલી એફ. આઈઆરને રદ કરવાની માંગ કરીને ગુજરાત હાઈકોર્ટમાં રજુઆત કરી હતી.

# સે. ૨૨માં ઘરફોડ ચોરી કરનાર રીઢો ઘરફોડીયો ઝડપાયો

## એલ.સી.બી. પોલીસે આજે ટાટા ચોકડી પાસેથી ચોરીના બે મોબાઈલ સાથે ઘરફોડીયાને પકડી પાડ્યો હતો : રૂ. ૨૮ હજારનો મુદ્દામાલ કબજે કર્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર એલ.સી.બી. પોલીસે આજે પેટ્રોલિંગ દરમિયાન સે. ૨૬ ટાટા-ચોકડી નજીકથી ઘરફોડ ચોરી કરતા એક ઘરફોડીયાને ચોરીના મોબાઈલ સાથે ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી ચોરીના બે મોબાઈલ મળી કુલ ૨૮ હજારનો મુદ્દામાલ કબજે કરી સેક્ટર-૨૧ પોલીસને સોંપી લીધો હતો. જે અંગે સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર એલ.સી.બી. પોલીસના પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમના માણસો આજે જિલ્લા વિસ્તારમાં આવેલ સેક્ટર-૨૬ ટાટા ચોકડી તરફ સઘન પેટ્રોલિંગમાં હતા ત્યારે ટાટા ચોકડી પાસેથી ચોરીના મોબાઈલ સાથે રીઢા ઘરફોડીયા દિલીપ વિહાજી ઠાકોરને ઝડપી પાડ્યો હતો અને તેની પુછપરછ કરતા મોબાઈલ પૈકી બે આ ઈસમે એકાદ મહીના પહેલા સે. ૨૨ ખાતે આવેલા ઢોરના ડબ્બાની આગળના એક પ્રાઈવેટ મકાનના પહેલા માળેથી ચોરી કરેલાની હકીકત જાણવા મળી હતી અને તમામ મોબાઈલની કુલ કિ. રૂ. ૨૮ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને સેક્ટર-૨૧ પોલીસને સોંપી દીધો હતો. જે મામલે સે. ૨૧ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ચૂંટણી ડેટા સેલની પ્રદેશ બેઠક યોજાઈ

## ચૂંટણી પરિણામો અંગેના 'અતિત' સોફટવેરની માહિતી અપાઈ

ગાંધીનગર, તા.૧૮

પ્રદેશ મીડીયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ પ્રદેશ કાર્યાલય ખાતે ચૂંટણી ડેટા સેલના પ્રદેશ કન્વીનર શ્રી ભરતભાઈ સોનીની અધ્યક્ષતામાં રાજયભરમાંથી આવેલા ચૂંટણી ડેટા સેલના પદાધિકારીઓની બેઠક પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા અને વિવિધ સેલના પ્રદેશ સંયોજક ડૉ. અનિલભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

જુદા જુદા જિલ્લા-મહાનગરોમાંથી આવેલા ચૂંટણી ડેટા સેલના સભ્યોના ડૉ. અનિલભાઈ પટેલે ચૂંટણી ડેટા સેલનું ચૂંટણીમાં મહત્વ અને વ્યુહરચનામાં તેની ઉપયોગીતા કેવી રીતે મદદરૂપ થઈ કે તે વિશે માહિતગાર કર્યા હતા.

સેલના કન્વીનર શ્રી ભરતભાઈ સોનીએ અત્યાર સુધીની દેશમાં યોજાયેલી લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓની પક્ષવાર, બેઠકવાર તેમજ ઉમેદવાર મુજબની માહિતીની રજૂઆત અને વિશ્લેષણને લગતા ચૂંટણી ડેટા સેલ દ્વારા વિકસાવવામાં આવેલા 'અતિત' સોફટવેર વિશે સભ્યોને માહિતગાર કર્યા હતા. શ્રી સોનીએ આ સોફટવેર આગામી લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં માહિતી વિશ્લેષણમાં કેવી રીતે મદદરૂપ થઈ શકે તે સમજાવ્યું હતું.

પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયાએ ચૂંટણી ડેટા સેલની સંગઠનાત્મક દૃષ્ટિથી ઉપયોગીતા અને કામગીરી વિશે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, ગ્રામ્ય કે વોર્ડ કક્ષાના બુથની માહિતી સમગ્ર ચૂંટણી વ્યવસ્થા અને પરિણામોમાં ખૂબ મહત્વનો ભાગ ભજવી શકે છે.

# જાપાનીઝ પ્રતિનિધિ મંડળ ગુજરાતની મુલાકાતે : વિકાસના મુદ્દા પર વિચાર-વિમર્શ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતની મુલાકાતે આવેલ જાપાનના હયુગો -ીફેચર (રાજય) ના વાઈસ ગવર્નર શ્રી કાઝુઓ કાનાઝાવા, શ્રીમતી હીરોકો કાનાઝાવા અને હયુગો -ીફેચરની હોંગકોંગ ઓફિસના વડા શ્રી આરાહી તાત્સુહીરોએ આજે ગાંધીનગર ખાતે રાજય કક્ષાના કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી -દિપસિંહ જાડેજા સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી.

મંત્રીશ્રી -દિપસિંહ જાડેજાએ શુભેચ્છા મુલાકાત દરમ્યાન ગુજરાત અને જાપાનના સંબધો અંગે વિગતે ચર્ચા કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં ૨૦૦૧ માં આવેલા ભૂકંપ સમયે જાપાનીઝ વિદ્યાર્થીઓએ મદદ કરીને ગુજરાતીઓના દીલ જીતી લીધા હતા. ગુજરાતમાં ભૂકંપ બાદ રાજય સરકારે કરેલી રાહત અને પુનઃ સ્થાપનની કામીગીરીની વિશ્વબેંકે પણ -શંસા કરી હતી. જાપાનના સહયોગથી તૈયાર થઈ રહેલ ડી.એમ.આઈ.સી -ોજેક્ટમાં ગુજરાત વધુ હિસ્સો ધરાવે છે, તેમજ ગુજરાતમાં જાપાનની સુઝુકી, હિટાચી જેવી કંપનીઓ મોટા પાયે રોકાણ કરી રહી છે. ગુજરાતમાં જાપાન સાથેના સંબધોને ધ્યાનમાં રાખી જાપાનીઝ ટાઉનશીપ પણ આગામી સમયમાં તૈયાર થવા જઈ રહી છે. મંત્રીશ્રીએ વધુમાં



જણાવ્યું હતું કે જાપાનીઝ ડેલીગેશન અમદાવાદમાં સાબરમતિ આશ્રમ, બી.આર.ટી.એસ, સાબરમતિ રિવરફ્રન્ટ અને કાકરીયા લેક ડેવલપમેન્ટની મુલાકાતથી ખૂબજ -ભાવિત થયું હતું. ભવિષ્યમાં જાપાન અને ગુજરાતના સંબધો વધુ સુદૃઢ બનાવવા માટે ગુજરાત હંમેશા તત્પર છે.

વાઈસ ગવર્નર શ્રી કાઝુઓ કાનાઝાવાએ જણાવ્યું હતું કે જાપાન હંમેશા ગુજરાત - ભારત સાથે સારા સંબધો ઈચ્છે છે.

**જાહેર નિવિદા - ૮ / ૨૦૧૩ - ૧૪**
**વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) અને હંકારનારની સેવા પૂરી પાડવા અંગે**

સાબરકાંઠા જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ, હિંમતનગર ખાતેની કચેરીમાં વાહન સુવિધા (હંકારવાની સેવા સાથે) પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર પોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૩.૦૦ કલાક વચ્ચે તા. ૨૫-૧૧-૨૦૧૩ સુધીમાં કાર્યપાલક ઈજનેરશ્રી, સાબરકાંઠા જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ, હિંમતનગર ખાતેથી અરજી સાથે કાર્યપાલક ઈજનેરશ્રી, સાબરકાંઠા જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ, હિંમતનગરના કચેરીના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.


કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ્દ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેની સુમાહિતગાર થઈ શકાશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૨૫-૧૧-૨૦૧૩ના રોજ ૧૮.૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

**કાર્યપાલક ઇજનેર**
ક્રમાંક ના.મા.નિ./હિંમત/૩૨૮/૨૦૧૩ સા.કાં. જિલ્લા પંચાયત, સિંચાઈ વિભાગ, હિંમતનગર

## શબ્દાવલી - ૫૨૩૧



**આડી ચાવી**

૧. શ્રૃંગાર (૪)
૫. આસક્તિ વિનાનું (૪)
૬. ઊંચે લોગ ઊંચી પસંદ... ની જાહેરાતમાં આવે છે (૫)
૮. ચબરાક હોય તેવો ગુણ (૪)
૧૦. ફણગો, ઉગતું પાંદડું (૩)
૧૨. માથામાં જૂ... ટોલા વગેરે (૨)
૧૪. માદક હોવું તે (૪)
૧૫. જનરલને અંગ્રેજીમાં... કહે છે (૩)
૧૬. ઘણા નાસ્તિકો પણ મુશ્કેલીમાં ભગવાનને... લાગે છે (૩)
૧૭. આકાશ (૨)
૧૮. આધાર (૩)

**ઊભી ચાવી**

૧. લજ્જાળુ (૪)
૨. ગીત ગાનાર (૩)
૩. ગાય મારે શિંગડા ગધેડું મારે... (૨)
૪. પોતાનું, પર્સનલ (૩)
૫. 'વીપદ' શબ્દ આડો અવળો (૩)
૭. ચંચળ હોવું તે (૪)
૯. શીખવાડવું તે, ... આપવી (૩)
૧૦. સોનું, સુવર્ણ (૩)
૧૧. ભાતભાતના ભોજન (૪)
૧૩. રણકાર, જનકાર (૪)
૧૪. છોકરીને વિદાય ટાણે મિઠાઈ ભરીને અપાતુ પાત્ર (૩)
૧૫. એક ખાટુ ફળ-ફૂલ દાળમાં નંખાય (૩)

**શબ્દાવલી ૫૨૩૦ના જવાબ**

**આડી ચાવી :-** (૧) હાલકડોલક (૬) લીલવા (૭) મહેક (૮) કાયર (૧૦) કારતક (૧૧) ઈમાન (૧૪) મજા (૧૬) લયબદ્ધ (૧૭) વામ (૧૮) નાદાન (૧૯) મારગ (૨૦) થર (૨૧) શ્યામળી

**ઊભી ચાવી :-** (૧) હાતીમતાઈ (૨) ડોલી (૩) લલકાર (૪) કવાયત (૫) ટકો (૯) રકમવાર (૧૨) માલદાર (૧૩) નયન (૧૫) જામગરી (૧૮) નાથ (૧૯) માળી

# કન્યા કેળવણી લાભાર્થે શિવકથાનું આયોજન

ડિસા, તા. ૧૮

બનાસકાંઠાના ડીસામાં તા. ૧૯ નવેમ્બર બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન બે જ્યોતિલીંગ પ્રાગટ્ય, માતાજીનું ભવ્ય પ્રાગટ્ય, હિંડોળા, ગરબાના કાર્યક્રમોનું આયોજન ભારતીબાપુની શિવકથા સમિતિ દ્વારા શહેરમાં પ્રથમવાર સાંઈબાબા મંદિર સાનિધ્યમાં કરવામાં આવનાર છે. સાથે પોથીયાત્રા શ્રી રૂગનાથજી ઓખાજી પઢિયાર પરીવારના નિવાસસ્થાનેથી નિકળી સમગ્ર શહેરમાં ફરવાની છે. શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુએ ડીસા શહેરના આગેવાનોનું શાલ ઓઢાડી સન્માન કરવાના છે. શિવકથાના વિવિધ કાર્યક્રમનું આયોજન કરેલ છે.

# શહેરના બે વિસ્તારમાં લાખોની કરાયેલ ચોરી

અમદાવાદ, તા.૧૮

શહેરના ઓઢવ તથા વેજલપુર વિસ્તારમાં ચોરીના બે બનાવો પોલીસ દફતરે નોંધાયા છે. ઓઢવ વિસ્તારના નારાયણ રેસીડેન્સી ઘર નં. એ-૪૦૨માં રહેતા રાજેશભી કૈલાશચંદ્ર જૈનના ઘરનો મુખ્ય દરવાજાનો નકુચો તોડીને અજાણ્યા શખ્સો ઘરમાં પ્રવેશ્યા હતા ત્યારબાદ ઘરના કબાટમાં રહેલ સોના-ચાંદીના દાગીના મળી કુલ ૩,૧૩,૫૦૦ની ચોરી કરી અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા. આ અંગેની તપાસ ઓઢવ પોલીસ કરી રહી છે. બીજી તરફ શહેરના વેજલપુર પોલીસ મથકમાં ભાવિન શાહે ફરિયાદ નોંધાવી હતી કે તેઓ પોતાના વતન સાબરકાંઠા ગયા હતા ત્યારે તેમના બંસીધર સોસાયટીમાં આવેલ ઘરમાંથી અજાણ્યા શખ્સો ૪.૮૪ લાખના મુદ્દામાલની ચોરી ગયા હતા.





શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ